| | |
|---|---|
| **PUBLICATION NAME :** | **Sunvilla Samachar** |
| **EDITION :** | **Ahmedabad** |
| **DATE :** | **18/08/2022** |
| **PAGE:** | **3** |

# ભારતમાં પરિણામ આધારિત શિક્ષણ અને ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓની માન્યતા પર આયોજિત રાષ્ટ્રીય સેમિનાર

**સનવિલા ન્યુઝ, અમદાવાદ, તા. ૧૭**




આંતરપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા (ઈડીઆઈઆઈ), અમદાવાદે ઈડીઆઈઆઈ કેમ્પસમાં ૧૭ ઓગસ્ટ, ૨૦૨૨ના રોજ ઈન્ટર્નલ ક્વોલિટી એશ્યોરન્સ સેલ (આઈક્યુએસી)નાં નેજાં હેઠળ ‘ભારતમાં પરિણામ આધારિત શિક્ષણ અને ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓની માન્યતા’ પર એક રાષ્ટ્રીય સેમિનારનું આયોજન કર્યું હતું. સેમિનારનો ઉદ્દેશ ગુણવત્તાયુક્ત શિક્ષણના એક મહત્વપૂર્ણ પાસાં અને માન્યતાના મૂલ્યાંકન માપદંડ તરીકે પરિણામ પર આધારિત શિક્ષણની ગતિશીલતાને સમજવાનો હતો. સેમિનારના મુખ્ય અતિથિ તરીકે એનબીએના ચેરમેન પ્રોફેસર (ડોક્ટર) કે કે અગ્રવાલ અને ગેસ્ટ ઓફ ઓનર તરીકે ગાંધીનગરના કલેક્ટર અને મેજિસ્ટ્રેટ, આઈએએસ, ડો. કુલદીપ આર્યા ઉપસ્થિત રહ્યાં હતાં. સાલ એજ્યુકેશન કેમ્પસના ડિરેક્ટર અને ગુજરાત ટેકનોલોજી યુનિવર્સિટીના બોર્ડના સભ્ય ડો. રુપેશ વસાણી પણ આ પ્રસંગે ઈડીઆઈઆઈના ડિરેક્ટર જનરલ ડો. સુનિલ શુક્લા સાથે ઉપસ્થિત હતાં. સેમિનારમાં સમગ્ર ગુજરાતની ૬૫થી વધારે સંસ્થાઓમાંથી આશરે ૧૨૫ શિક્ષાવિદોની ભાગીદારી જોવા મળી હતી, જેમણે ગુણવત્તાયુક્ત શિક્ષણ અને પરિણામ આધારિત શિક્ષણના વિવિધ પાસાં પર ચર્ચાવિચારણા કરી હતી. અહીં ઉપસ્થિત લોકોને એનબીએના ચેરમેન પ્રોફેસર (ડોક્ટર) કે કે અગ્રવાલે સંબોધન કરતાં કહ્યું હતું કે, “દેશ કોવિડ પછી ગતિશીલ પરિવર્તનોમાંથી પસાર થઈ રહ્યો છે અને આ કહેવું ઉચિત છે કે, કોવિડે દેશના વિકાસ માટે આવશ્યક શિક્ષકની કામગીરી અદા કરી છે. આપણે હજુ પણ પરિવર્તનના તબક્કામાંથી પસાર થઈ રહ્યાં છીએ અને ગુણવત્તાયુક્ત શિક્ષણની દ્રષ્ટિએ હજુ પણ ઘણા પડકારોનો સામનો કરવાનો છે. પરિણામ આધારિત શિક્ષણ માટે કોઈ પણ વ્યક્તિને પાછળ નજર કરવાની અને વિદ્યાર્થીઓના લક્ષ્યાંકને પરિભાષિત કરવાની તથા પછી એના પર આધારિત માપદંડો નક્કી કરવાની જરૂર છે.